ગુજરાતનો મહાસંગ્રામ 2012

પ્રાંતિજ બેઠક પર એક ઉમેદવારીપત્ર ભરાયું

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં તા. ૨૬-૧૧-૧૨ના રોજ એક અપક્ષ ઉમેદવારે ફોર્મ ભરીને ખાતું ખોલાવ્યા બાદ તા. ૨૭-૧૧-૧૨ના રોજ પ્રાંતિજ માટે ભારતીય નેશનલ જનતાદળના ઉમેદવારે ફોર્મ ભર્યું હોવાનું જાણવા મળે છે. ચૂંટણી અંગેનું જાહેરનામુ બહાર પડી ગયા બાદ છેલ્લા ચાર દિવસમાં સાબરકાંઠા જિલ્લાની સાત બેઠકો માટે આજદિન સુધીમાં ફક્ત બે ઉમેદવારી પત્રો ભરાયા છે. પ્રાપ્ત મળતી માહિતી અનુસાર સાત બેઠકો માટે સંખ્યાબંધ ઉમેદવારી પત્ર લઈ ગયા હોવાનું જાણવા મળે છે. હવે બે દિવસ બાકી રહેતા તા. ૨૮-૧૧-૧૨ના રોજ દેવ દિવાળીનો દિવસ હોવાને લીધે વધુ ઉમેદવારી પત્રો ભરાશે તેવું જાણવા મળે છે. ચૂંટણી વિભાગના હીરાભાઈએ જણાવ્યું હતું કે પ્રાંતિજ બેઠક માટે ભારતીય નેશનલ જનતાદળના ઉમેદવાર ઝાલા નરેન્દ્રસિંહ જીવતસિંહે આજરોજ મંગળવારે ફોર્મ ભર્યું હતું.

રાધનપુર બેઠક પર એક અને સિધ્ધપુરમાં ત્રણ ઉમેદવારીપત્રો ભરાયા

પાટણ, તા. ૨૭

પાટણ જિલ્લામાં આવેલી રાધનપુર ચાણસ્મા, પાટણ, સિધ્ધપુર વિધાનસભા મત વિસ્તારોની ચૂંટણી તારીખ ૧૭-૧૨-૨૦૧૨ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૧૨ છે. આજદિન સુધી પાટણ જિલ્લાની ચાર વિધાનસભા મત વિસ્તારમાંથી કુલ છ ઉમેદવારી પત્રો ભરાયેલ છે.

તા. ૨૭-૧૧-૨૦૧૨ના રોજ ૧૬-રાધનપુર વિધાનસભા મત વિસ્તારમાંથી રાધનપુર તાલુકાના દહેગામના આયર રાજેશભાઈ લખમણભાઈએ ઉંમર ૨૫ સમાજવાદી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી છે. આમ રાધનપુર વિધાનસભા મત વિસ્તારમાંથી આજ સુધી કુલ બે ઉમેદવારી ફોર્મ ભરાયેલ છે.

૧૭-ચાણસ્મા અને ૧૮-પાટણ વિધાનસભા મત વિસ્તારમાંથી આજે કોઈપણ ઉમેદવારી પત્ર ભરાયેલ નથી. આજ સુધીમાં પાટણ વિધાનસભા મત વિસ્તારમાંથી કુલ એક ઉમેદવારી પત્ર ભરાયેલ છે. ૧૭-ચાણસ્મા વિધાનસભા મત વિસ્તારમાંથી આજ સુધી એકપણ ઉમેદવારી પત્ર ભરાયેલ નથી.

૧૯-સિદ્ધપુર વિધાનસભા મત વિસ્તારમાંથી આજ રોજ ત્રણ ઉમેદવારી પત્રો ભરાયેલ છે. જે પૈકી અપક્ષમાં સિધ્ધપુર તાલુકાના ડુંગરીયાસણ ગામના ભોરણીયા સોયબભાઈ હાશમભાઈ, બિલીયા ગામના પટેલ વિરમભાઈ વશરામભાઈ અને શંકરપુરા ગામના ઠાકોર ભારતીબેન સોમાજીએ ઉમેદવારી ફોર્મ ભરેલ છે. આમ સિધ્ધપુર વિધાનસભા મત વિસ્તારમાંથી આજદિન સુધી કુલ ત્રણ ઉમેદવારી ફોર્મ ભરાયેલ છે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી જે. જી. હિંગરાજીયાની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

બનાસકાંઠા જિલ્લામાં કુલ સાત ઉમેદવારોએ ફોર્મ ભર્યા

પાલનપુર, તા. ૨૭

આજે વાવ બેઠક ઉપર શ્રી ચંદુભાઈ તેજાભાઈ ઠકકર એનસીપી તરફથી અને શ્રી ઠાકોર વશરામભાઈ કાનજીભાઈએ અપક્ષ નામાંકનપત્ર રજુ કર્યા હતા. ૧૩-ડીસા બેઠક ઉપર શ્રી હડીયા ભુરાભાઈ વીહાભાઈએ અપક્ષ તરીકે નામાંકનપત્ર ભર્યું હતું. દિયોદર બેઠક માટે શ્રી વાઘેલા હીરાભાઈ પ્રેમાભાઈએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. શ્રી રબારી ગોવાભાઈ હમીરાભાઈએ આઈએનસી પક્ષ તરફથી ઉમેદવારી નોંધાવી હતી.

આજ રોજ ડીસા બેઠક માટે શ્રી ભરતજી ધનાજી સોલંકી અને શ્રી ઓડ ધનરાજભાઈ કરશનભાઈએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. ૨૮ નવેમ્બરના રોજ જાહેર રજા હોવા છતાં ઉમેદવારોના નામાંકનપત્રો સ્વીકારવામાં આવશે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન.એલ. પાંડોરે જણાવ્યું હતું.

ભારતના ચૂંટણી પંચે એપીક કાર્ડના વિકલ્પમાં માન્ય દસ્તાવેજોની જારી કરેલી સૂચિ

મતદાર ફોટો ઓળખકાર્ડની અવેજીમાં ચૂંટણીપંચે માન્ય કરેલા વૈકલ્પિક દસ્તાવેજો રજૂ કરી મતદાન કરી શકશે

ગાંધીનગર, તા. ૨૭

વિધાનસભાની સામાન્ય ચૂંટણી, ૨૦૧૨ માટે ભારતના ચૂંટણી પંચ તરફથી જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર પ્રથમ તબક્કા માટે તા. ૧૩-૧૨-૨૦૧૨ (ગુરૂવાર) તથા બીજા તબક્કા માટે તા. ૧૭-૧૨-૨૦૧૨ (સોમવાર)ના રોજ સવારના ૮.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી મતદાન યોજાનાર છે. મતદાન માટે આવતા મતદારોએ મતદાન મથકોએ પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ચૂંટણી કાયદા હેઠળ ચૂંટણી પંચે મતદાર ફોટો ઓળખકાર્ડ રજૂ કરવા નિર્દેશ કરેલ છે.

પરંતુ જો કોઈ મતદાર તેને આપવામાં આવેલ મતદાર ફોટો ઓળખકાર્ડ (**EPIC**) અથવા ચૂંટણી તંત્ર તરફથી મતદારોને આપવામાં આવેલી અધિકૃત મતદાર ફોટો કાપલી (**Voter slip**) રજુ ન કરી શકે અથવા તેમાં દર્શાવવામાં આવેલ ફોટો મતદાર સાથે મળતો ના આવે તો નીચેના વૈકલ્પિક દસ્તાવેજી પુરાવાઓ ભારતના ચૂંટણી પંચે માન્ય કરેલ છે.

(૧) પાસપોર્ટ
(૨) ડ્રાઈવીંગ લાયસન્સ
(૩) ઈન્કમટેક્ષ (**PAN**) ઓળખકાર્ડ
(૪) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવતાં ફોટા સાથેનાં ઓળખકાર્ડ
(૫) પબ્લીક સેક્ટર બેન્કો અને પોસ્ટ ઓફીસો તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક અને કિસાન પાસબુક (તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં ખાતું ખોલાવેલ હોય)
(૬) સ્વાતંત્ર સેનાનીઓને આપવામાં આવેલ ફોટા સાથેના ઓળખકાર્ડ
(૭) તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં આપવામાં આવેલ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/ અન્ય પછાત વર્ગ (**OBC**)નું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ફોટા સાથેનું પ્રમાણપત્ર.
(૮) તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ફોટો સાથેનું વિકલાંગ પ્રમાણપત્ર.
(૯) તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં આપવામાં આવેલ ફોટો સાથેના હથિયારોના લાઈસન્સ.
(૧૦) તા. ૩૦-૯-૨૦૧૨ સુધી આપવામાં આવેલ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના (**NREGA**) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેના જોબ કાર્ડ.
(૧૧) ફોટા સાથેના મિલ્કતના દસ્તાવેજો જેવા કે, પટ્ટા, રજીસ્ટર્ડ ડીડ વગેરે.
(૧૨) તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં આપવામાં આવેલ ફોટા સાથેના પેન્શન પ્રમાણપત્રો જેવા કે, માજી સૈનિકની પેન્શન બુક/ પેન્શન પેમેન્ટ ઓર્ડર, માજી સૈનિકની વિધવા/ આશ્રિતોના પ્રમાણપત્રો, મોટી ઉંમરની વ્યક્તિના પેન્શન ઓર્ડર, વિધવા પેન્શન ઓર્ડર.
(૧૩) શ્રમ મંત્રાલય તરફથી તા. ૩૦-૯-૨૦૧૨ સુધી આપવામાં આવેલ ફોટા સાથેના હેલ્થ ઈન્સ્યુરન્સ સ્કીમના સ્માર્ટ કાર્ડ.
(૧૪) નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર (**NPR**) સ્કીમ હેઠળ **RGI** દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ
(૧૫) **UIDAI** દ્વારા આપવામાં આવેલ આધાર કાર્ડ

આથી તા. ૧૩-૧૨-૨૦૧૨ તથા તા. ૧૭-૧૨-૨૦૧૨ના રોજ યોજાનાર મતદાન સમયે મતદાન મથકે મતદાર પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે મતદાર ફોટો ઓળખકાર્ડ (**EPIC**)/ અધિકૃત મતદાર ફોટો કાપલી (**Voter slip**) રજુ ના કરી શકે તો ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓની આ વધારાની સવલત ચૂંટણી પંચે આપેલ છે. તદઅનુસાર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખકાર્ડ/ અધિકૃત મતદાર ફોટો કાપલી ન હોય તો ઉપર જણાવેલ દસ્તાવેજી પુરાવા કે જેનાથી મતદારની ઓળખ નક્કી થઈ શકે તે રજૂ કરી મતદાન કરી શકશે.

સેકટર-૮ વૉર્ડ કોંગ્રેસના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર કોંગ્રેસ ગાંધીનગર દ્વારા તેમજ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખશ્રી અર્જુન મોઢવાડીયાની સમંતિથી સેકટર-૮ના કોંગ્રેસના વૉર્ડ પ્રમુક તરીકે ગીરીશભાઈ યાદવની નિમણૂંક શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલ કરી છે.

રહીમ મકવાણાની ઉપપ્રમુખ તથા પ્રેમ રાજપૂતની મહામંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ટૂંક સમયમાં કોંગ્રેસના આગેવાનોનું સંમેલન યોજવામાં આવનાર છે. તેમ શ્રી રહીમભાઈ મકવાણા ઉપપ્રમુખશ્રીએ જણાવેલ છે.

મજબૂત લોકશાહી માટે મતદાન અવશ્ય કરો

રાજ્યમાં પ્રથમ તબક્કાની ૮૭ બેઠકોમાં હવે ૧૨૧૮ ઉમેદવાર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ભાગરૂપે પ્રથમ તબક્કામાં ઉમેદવારીપત્રો ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ ચૂંટણી જંગમાં ૧૨૧૮ ઉમેદવારો થઈ ગયા છે. ઉમેદવારોની વિધાનસભા મતદાર સંખ્યા નીચે મુજબ છે.

જિલ્લો	વિધાનસભા બેઠક ક્રમ-નામ	માન્ય ઉમેદવારો	જિલ્લો	વિધાનસભા બેઠક ક્રમ-નામ	માન્ય ઉમેદવારો
અમદાવાદ	૩૯-વિરમગામ	૬		૧૦૦-તળાજા	૧૧
	૪૦-સાણંદ	૧૫		૧૦૧-ગારિયાધાર	૧૯
	૫૮-ધોળકા	૧૫		૧૦૨-પાલીતાણા	૧૫
	૫૯-ધંધુકા	૨૦		૧૦૩-ભાવનગર રૂરલ	૨૯
સુરેન્દ્રનગર	૬૦-દસાડા(એસસી)	૯		૧૦૪-ભાવનગર ઈસ્ટ	૧૩
	૬૧-લીંબડી	૨૨		૧૦૫-ભાવનગર વેસ્ટ	૨૦
	૬૨-વઢવાણ	૧૬		૧૦૬-ગઢડા(એસસી)	૧૩
	૬૩-ચોટીલા	૧૪		૧૦૭-બોટાદ	૧૫
	૬૪-ધ્રાંગધ્રા	૨૦	નર્મદા	૧૪૮-નાંદોદ(એસટી)	૧૩
રાજકોટ	૬૫-મોરબી	૧૨		૧૪૯-ડેડિયાપાડા(એસટી)	૧૧
	૬૬-ટંકારા	૧૪	ભરૂચ	૧૫૦-જંબુસર	૧૫
	૬૭-વાંકાનેર	૧૭		૧૫૧-વાગરા	૧૩
	૬૮-રાજકોટ ઈસ્ટ	૧૬		૧૫૨-ઝઘડીયા(એસટી)	૬
	૬૯-રાજકોટ વેસ્ટ	૧૬		૧૫૩-ભરૂચ	૧૫
	૭૦-રાજકોટ સાઉથ	૮		૧૫૪-અંકલેશ્વર	૧૧
	૭૧-રાજકોટ રૂરલ(એસસી)	૧૦	સુરત	૧૫૫-ઓલપાડ	૧૬
	૭૨-જસદણ	૨૪		૧૫૬-માંગરોલ(એસટી)	૬
	૭૩-ગોંડલ	૧૬		૧૫૭-માંડવી(એસટી)	૮
	૭૪-જેતપુર	૨૨		૧૫૮-કામરેજ	૧૨
	૭૫-ધોરાજી	૨૬		૧૫૯-સુરત ઈસ્ટ	૩૯
જામનગર	૭૬-કાલાવડ(એસસી)	૯		૧૬૦-સુરત નોર્થ	૧૯
	૭૭-જામનગર રૂરલ	૩૦	૧૬૧-વરાછા રોડ		૭
	૭૮-જામનગર નોર્થ	૩૧		૧૬૨-કારંજ	૧૩
	૭૯-જામનગર સાઉથ	૨૧		૧૬૩-લીંબાયત	૨૭
	૮૦-જામજોધપુર	૨૧		૧૬૪-ઉધના	૧૧
	૮૧-ખંભાળીયા	૨૬		૧૬૫-મજુરા	૮
	૮૨-દ્વારકા	૨૨		૧૬૬-કતારગામ	૧૦
પોરબંદર	૮૩-પોરબંદર	૯		૧૬૭-સુરત વેસ્ટ	૭
	૮૪-કુતિયાણા	૧૪		૧૬૮-ચોર્યાસી	૧૫
જુનાગઢ	૮૫-માણાવદર	૧૦		૧૬૯-બારડોલી(એસસી)	૬
	૮૬-જૂનાગઢ	૧૪		૧૭૦-મહુવા(એસટી)	૯
	૮૭-વિસાવદર	૧૫		૧૭૩-ડાંગ (એસટી)	૮
	૮૮-કેશોદ	૧૫	નવસારી	૧૭૪-જલાલપોર	૫
	૮૯-માંગરોળ	૧૦		૧૭૫-નવસારી	૧૦
	૯૦-સોમનાથ	૩૧		૧૭૬-ગણદેવી(એસટી)	૪
	૯૧-તાલાલા	૮		૧૭૭-વાંસદા(એસટી)	૬
	૯૨-કોડીનાર(એસસી)	૧૦	વલસાડ	૧૭૮-ધરમપુર(એસટી)	૪
	૯૩-ઉના	૬		૧૭૯-વલસાડ	૮
અમરેલી	૯૪-ધારી	૧૨		૧૮૦-પારડી	૧૩
	૯૫-અમરેલી	૧૫		૧૮૧-કપરાડા(એસટી)	૭
	૯૬-લાઠી	૧૫		૧૮૨-ઉમરગામ(એસટી)	૧૦
	૯૭-સાવરકુંડલા	૧૧	તાપી	૧૭૧-વ્યારા(એસટી)	૧૦
	૯૮-રાજુલા	૧૧		૧૭૨-નિઝાર(એસટી)	૧૦
ભાવનગર	૯૯-મહુવા	૭	કુલ		૧૨૧૮

મોદી સામે અશ્વિન મહેતા, યતીન ઓઝા અને દિનશા પટેલ ચૂંટણી હારી ગયા હતા

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર,તા.૨૭

ગુજરાતમાં ત્રણ વખત ચૂંટણી લડી ચૂકેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વિજયની સરસાઇ વધતી ગઈ છે. રાજકોટની પેટા ચૂંટણીથી રાજકીય

કારકિર્દીની શરૂઆત કરનારા મોદી છેલ્લી ચૂંટણીમાં છ ગણી સરસાઇ પ્રાપ્ત કરી ચૂક્યાં છે, જો કે ૨૦૧૨માં નવા સિમાંકના કારણે મણિનગરમાં મતદારોની સંખ્યામાં એક લાખનો ઘટાડો થયો છે તેથી તેમની સરસાઇનો આકંડો ઘટી શકે છે.

મોદીએ ત્રણ ચૂંટણીમાં બે બેઠકો બદલી છે અને આ બેઠકો ખાલી કરવામાં હયાત ધારાસભ્ય વજુભાઇ વાળા અને કમલેશ પટેલનું બલિદાન રહ્યું છે. તેઓ ફરીથી મણિનગરની બેઠક ઉપરથી ચૂંટણી લડવા જઇ રહેલા છે.

ગુજરાતના રાજકારણમાં ચાર પ્રદેશ નેતાઓ એવાં હતા કે પહેલાં મુખ્યમંત્રી બન્યા હતા અને તે પછી છ મહિનામાં વિધાનસભાની ચૂંટણી લડીને ધારાસભ્ય બન્યા હતા. આ નેતાઓમાં બળવંતરાય મહેતા, ઘનશ્યામ ઓઝા, શંકરસિંહ વાઘેલા અને છેલ્લે હાલના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે.

રાજકોટ-રથી પેટા ચૂંટણી લડેલા મોદી છેલ્લી બે ચૂંટણીમાં મણિનગરના ઉમેદવાર વિધાનસભાની બેઠક ખાલી કરવામાં પહેલાં વજુભાઇ પછી કમલેશ પટેલનું બલિદાન

ત્રણ ચૂંટણીમાં મોદીની લીડ
રાજકોટ-૨ (૨૦૦૨) - ૧૪,૭૦૦
મણિનગર (૨૦૦૨) - ૭૫,૩૩૩
મણિનગર (૨૦૦૭) - ૮૭,૧૬૧

રાજકોટ-૨ની બેઠક વજુભાઇ વાળાની પરંપરાગત બેઠક હતી. ૧૯૯૮ની ચૂંટણીમાં કોંગ્રેસના મહિલા ઉમેદવાર કાશ્મિરા નથવાણી સામે ૨૮,૦૦૦ની લીડથી તેમણે વિજય મેળવ્યો હતો.

ગુજરાત ભાજપની હારની પરંપરાને જોઈને હાઇકમાન્ડે કેશુભાઇ પટેલને ખસેડવાનું નક્કી કરી મુખ્યમંત્રી પદે નરેન્દ્ર મોદીને ગુજરાત જવાનો આદેશ કર્યો હતો. મોદી ધારાસભ્ય ન હોવા છતાં મુખ્યમંત્રી બની ગયા હતા.

મુખ્યમંત્રી બન્યા પછી છ મહિનામાં વિધાનસભાની બેઠકની ચૂંટણી મોદીને જીતવી પડે તેમ હતી. મોદી માટે અમદાવાની એલિસબ્રીજ એવી બેઠક હતી કે તેઓ સરળતાથી વિજયી થઇ શકે તેમ હતા, તેથી તેમણે આ બેઠકના ધારાસભ્ય હરેન પંડ્યાને બેઠક ખાલી કરવા કહ્યું હતું પરંતુ હરેન પંડ્યાએ બેઠક ખાલી કરવાનો સ્પષ્ટ ઇન્કાર કરી દેતાં મોદીએ રાજકોટ-૨ની બેઠક ઉપર પસંદગી ઉતારી હતી.

રાજકોટ-૨ની બેઠક ખાલી કર્યા પછી ફેબ્રુઆરી-૨૦૦૨માં પેટા ચૂંટણીનો મોદીએ સામનો કર્યો હતો. કોંગ્રેસે તેમની સામે ૬૭ વર્ષના અશ્વિન મહેતાને ટીકીટ આપી હતી જેથી મોદીની જીત સરળ બની ચૂકી હતી તેમ છતાં વજુભાઇને ૧૯૯૮માં મળેલી સરસાઇ કરતાં મોદીને ઓછી સરસાઇ મળી હતી. મોદીએ આ પેટા ચૂંટણી ૧૪,૭૦૦ મતોથી જીતી હતી.

ગુજરાતમાં ૨૦૦૨માં વિધાનસભાની સામાન્ય ચૂંટણી આવી ત્યારે મોદી માટે વફાદારી દાખવનાર વજુભાઇ વાળાને રાજકોટ-૨ની બેઠક પાછી આપી દેતાં મોદી માટે બીજી બેઠક શોધવાની પાર્ટીને ફરજ પડી હતી. છેવટે મોદીએ અમદાવાદની મણિનગરની બેઠક પસંદ કરી આ બેઠકના ઉમેદવાર કમલેશ પટેલને મનાવી લીધા હતા. મોદીના વિજય માટેની જવાબદારી પણ કમલેશ પટેલના માથે આવી હતી.

૨૦૦૨ની ચૂંટણીમાં રાજકોટ-૨ની બેઠક ઉપરથી વજુભાઇ વાળા ૮૫૧૫ મતોની સરસાઇથી વિજયી બન્યા હતા. તેમની સામે કોંગ્રેસ ફરીથી કાશ્મિરા નથવાણીની પસંદગી કરી હતી પણ તેઓ હારી ગયા હતા. બીજી તરફ મણિનગરની બેઠકમાં કોંગ્રેસે મોદી સામે યતિન ઓઝાને મેદાનમાં ઉતાર્યા હતા અને તેઓની કારમી હાર થઇ હતી. મોદીને આ બેઠકમાં ૭૫,૩૩૩ મતોની સરસાઇ પ્રાપ્ત થઇ હતી. મોદીને ૧,૧૩,૫૮૯ મતો મળ્યા હતા જ્યારે યતિન ઓઝાને માત્ર ૩૮,૨૫૬ મતો પ્રાપ્ત થયા હતા.

૨૦૦૭ની ચૂંટણીમાં ફરીથી મોદી મણિનગરની બેઠક ઉપરથી ચૂંટણી લડ્યા હતા. કોંગ્રેસે મોદીની સામે દિનશા પટેલને ટીકીટ આપી હતી. આ બેઠક ઉપર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ૧,૩૯,૫૬૮ મતો મળ્યા હતા જ્યારે દિનશા પટેલને ૫૨,૪૦૭ મતો પ્રાપ્ત થયા હતા. મોદી ૮૭,૧૬૧ મતોની સરસાઇથી વિજયી બન્યા હતા.

મણિનગરની બેઠકમાં ૨૦૦૭માં ૩,૨૯,૪૨૮ કુલ મતદારો હતા, હવે નવા સિમાંકન પ્રમાણે કુલ મતદારોની સંખ્યા ઘટીને ૨,૨૫,૭૬૫ થઇ ચૂકી છે. કમસે કમ એક લાખ મતદારો ઘટ્યાં છે. મોદી ફરીથી મણિનગર બેઠક ઉપરથી ચૂંટણી લડી રહ્યાં છે અને આ તેમની ત્રીજી સામાન્ય ચૂંટણી છે.

આ ત્રણ લિડરો પહેલા મુખ્યમંત્રી બન્યા પછી વિધાનસભાની ચૂંટણી લડ્યા

ગુજરાતના રાજકારણમાં ત્રણ મુખ્યમંત્રી એવા છે કે જેઓ પહેલાં મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા હતા અને પછી વિધાનસભાની બેઠક ખાલી કરાવીને ચૂંટણી લડ્યા હતા.

આ ત્રણ નેતાઓમાં ૧૯૬૩માં બળવંતરાય મહેતા, ૧૯૭૨માં ઘનશ્યામ ઓઝા, ૧૯૯૬માં શંકરસિંહ વાઘેલા અને ૨૦૦૨માં નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે.

મોદી માટે પહેલી ચૂંટણી કરતાં છેલ્લી ચૂંટણીની સરસાઈમાં છ ગણો વધારો : મુખ્યમંત્રી મણિનગરમાં હવે ત્રીજી વાર ઉમેદવાર